# પુરોવચન

પરમ પૂજ્ય શ્રીરમાનાને શતસહસ્ર પ્રણામ.

ભક્તિ એટલે શું?

નારદ ભક્તિ સૂત્રમાં નારદજી ભક્તિની વ્યાખ્યા આપે છે :

સા ત્વસ્મિન્ પરમપ્રેમરૂપા ।

- નારદ ભક્તિ સૂત્ર-૨

"ભક્તિ એટલે પરમાત્મા પ્રત્યે પરમ પ્રીતિ."

આ પ્રેમરૂપિણી ભક્તિ વિશે લખવું, વાંચવું, વિચારવું, બોલવું – આ પણ ભક્તિનાં જ સ્વરૂપો છે.

એક વાર અમે અમારા ગુરુમહારાજને પૂછ્યું, "ભગવત્-પ્રેમ અર્થાત્ ભક્તિનો વિકાસ કેવી રીતે થાય?"

ઉત્તર હતો :

"ભક્તોનાં જીવનચરિત્રો અને તેમણે રચેલાં ભક્તિગ્રંથોનો સ્વાધ્યાય કરો. તેનાથી હૃદયમાં ભક્તિભાવનો વિકાસ થશે."

"તદનુસાર શું વાંચવું? કયા ગ્રંથોનો સ્વાધ્યાય કરવો?"

"ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ, મીરાં, આંડાલ આદિનાં જીવનચરિત્રો અને તેમની વાણીના ગ્રંથોનો સ્વાધ્યાય કરવો."

તદનુસાર અમે તદ્‌વિષયક ભક્તિગ્રંથોના સ્વાધ્યાયનો પ્રારંભ કર્યો.

ગુરુમહારાજે આજ્ઞા કરી છે :

"લખો! ભગવાન વચ્ચે! લખો! જ્યાં સુધી તારાં આંગળાંમાં કલમ પકડવાની શક્તિ હોય ત્યાં સુધી લખજે. તારો સ્વધર્મ છે, તેમ માનીને લખજે."

આમ લેખનકાર્યનો પ્રારંભ થયો અને તે સાથે ભક્તિગ્રંથોનો સ્વાધ્યાય અને લેખન, બંને થવા લાગ્યાં.

અમારે મન ભક્તિ વિશે લખવું, તે પણ ભક્તિ છે. જેમ વાંચન સ્વાધ્યાય છે, તેમ લેખન પણ સ્વાધ્યાય જ છે, એમ અમને અનુભવાય છે.

જેમ સાંખ્ય, વેદાંત, યોગ આદિ દર્શનો છે, તેમ ભક્તિયોગની પણ પોતાની દાર્શનિક ભૂમિકા છે. તદનુસાર અહીં આપણે ભક્તિયોગની દાર્શનિક ભૂમિકાથી પ્રારંભ કર્યો છે.

વેદાંતદર્શનની પણ અનેક ધારાઓ છે. તેમાં ભક્તિમાર્ગના વેદાંતદર્શનો પણ છે. વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈતાદ્વૈતવાદ, દ્વૈતવાદ, અચિંત્યભેદાભેદ – આ સર્વ દર્શનો વેદાંતિક દર્શનો છે અને ભક્તિમાર્ગીય દર્શનો છે. તદનુસાર આ સર્વ દર્શનો ભક્તિમાર્ગીય વેદાંતિક દર્શનો ગણાય છે.

ભક્તિનું કથન, મનન, લેખન આદિ થાય એટલે શ્રીમદ્ ભાગવત તો તેમાં આવે જ છે. ભક્તિરસની મીમાંસા પણ અહીં થઈ છે અને ભક્તિનાં સ્વરૂપોનું કથન પણ થયું છે.

ભક્તિ આવે ત્યાં જ્ઞાનેશ્વર પણ આવે જ, કારણ કે તેમનો મધુરાદ્વૈત છે.

અને મીરાં! મીરાં વિના તો ભક્તિભાવ ગ્રંથ અધૂરો જ ગણાય. આ દેશમાં મીરાંની ભક્તિનો એવો અને એટલો મહિમા ગવાયો છે કે મીરાં અને ભક્તિ જાણે પર્યાયવાચક શબ્દો બની ગયા છે.

ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓનાં ચીરનું હરણ કર્યું હતું. આ ચીરહરણલીલા છે. આ ચીરહરણલીલા વિશે ઘણી ગેરસમજ થઈ છે. આ લીલાનો રહસ્યાર્થ ન સમજાવાને કારણે આ ગેરસમજ ફેલાઈ છે. અહીં આ ચીરહરણલીલા રહસ્યાર્થ પ્રગટ કરવાનો પ્રયત્ન થયો છે. યાદ રહે! ચીરહરણલીલાને અંતે ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓને રાસલીલા માટે નિમંત્રણ આપે છે અને શરદપૂર્ણિમાએ રાસલીલા સંપન્ન થઈ છે!

અને પછી આવે છે – પરમ ભક્તિમતી દેવી આંડાલ.

મીરાંબાઈએ શ્રીકૃષ્ણને પતિ માન્યા છે અને પતિરૂપે ઉપાસના કરી છે, પરંતુ આંડાલની તો વાત જ જુદી! આંડાલે શ્રી રંગનાથજીની મૂર્તિ સાથે ચાર ફેરા ફરીને વિધિવત્ લગ્ન કર્યાં અને જીવનભર રંગનાથજીનાં પત્ની તરીકે તેઓ રંગનાથજીના મંદિરમાં રહ્યાં અને ત્યાં જ જીવન વિતાવ્યું. આવાં આંડાલને અમે કેમ છોડી શકીએ!

તદનંતર આવે છે પપ્પાસ્વામી રામદાસજીનાં શિષ્યા કૃષ્ણાબાઈ.

અને અંતે આવે છે આપણાં શબરીમા.

મિત્રો અમને પૂછે છે :

"તમે યોગ વિશે લખો છો, વેદાંત વિશે લખો છો અને ભક્તિ વિશે પણ લખો છો. તો કહો, તમારો સાધન-માર્ગ કયો છે?"

અમે ઉત્તર આપવા ઇચ્છતા નથી. અધ્યાત્મ જગતના બધા પ્રશ્નોના ઉત્તર આપી શકાય નહીં. તો પણ મિત્રો અમને છોડતા નથી. તો ભલે જાણી લો અમારો ઉત્તર :

"બધા માર્ગો મારા માર્ગ છે. આ બધા માર્ગોના સમન્વયથી એક વિરલ માર્ગ બને છે, તે મારો માર્ગ છે. સમજાય છે? ન સમજાય તો ભાગ્ય તમારાં."

આ પુસ્તક ભક્તિભાવનું પુસ્તક છે. આમ છતાં અહીં વેદાંતનાં તત્ત્વો અને અદ્વૈતની વાતો પણ જોવા મળશે, કારણ કે અમારે મન સગુણ, નિર્ગુણ, સાકાર, નિરાકાર, દ્વૈતવાદ, અદ્વૈતવાદ વચ્ચે કોઈ ભેદ નથી. આ બધાં એક જ પરમ તત્ત્વનાં પાસાં છે અને સાધકની ઝંખના પ્રમાણે પ્રતીતિ થાય છે.

જે એક અને અદ્વય છે, તેનાં સ્વરૂપોમાં અને તેની ઉપાસનામાં વળી વિરોધ શો હોય? અમારે મન તો જ્ઞાન અને પ્રેમ વચ્ચે કોઈ ભેદ નથી. જે જ્ઞાની હોય તે પ્રેમી હોય જ અને જે પ્રેમી હોય તે જ્ઞાની હોય જ.

જેમ જ્ઞાનનું એક અદ્વૈત હોય છે, તેમ પ્રેમનું પણ અદ્વૈત હોય છે. તે છે પ્રેમાદ્વૈત!

આપણા આ ભારત વર્ષમાં મુક્તિથી પણ ભક્તિને અધિક માનનાર ભક્તો પ્રગટ્યા છે. જુઓ ભક્ત નરસિંહની વાણી :

*ભૂતળ ભક્તિ પદારથ મોટું*
*બ્રહ્મલોકમાં નાહીં રે...*
*હરિના જન તો મુક્તિ ન માગે*
*માગે જનમોજનમ અવતાર રે...*
*અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી*
*મુક્તિ થઈ રહી દાસી રે...*
*જુઓ! જુઓ! આવો છે ભક્તિનો મહિમા!*

આ ગ્રંથની રચનામાં અમને અનેક મહાનુભાવો અને ગ્રંથો દ્વારા સહાય મળી છે. અમે સૌના ઋણનો સ્વીકાર કરીએ છીએ અને સૌને વંદન કરીએ છીએ.

સૌને વંદન! સૌનો આભાર!

**– ભાણદેવ**

# ભક્તિ

## ૧. ભક્તિ એટલે શું?

નારદ ભક્તિ સૂત્રમાં ભક્તિની વ્યાખ્યા છે.

સા ત્વસ્મિન્ પરમ પ્રેમરૂપા ।

'ભક્તિ એટલે પરમાત્મામાં પરમપ્રેમ'

ભગવાનમાં પ્રેમ હોય, તે ભક્તિ છે. હવે પ્રશ્ન છે કે પ્રેમ એટલે શું? પ્રેમની વ્યાખ્યા આપી ન શકાય. આમ છતાં પ્રેમના સ્વરૂપને સમજવાનો આપણે પ્રયાસ કરીએ.

આવેગશીલતા તે પ્રેમ નથી. આસક્તિ તે પ્રેમ નથી. લાગણીશીલતા પણ પ્રેમ નથી. તો પ્રેમ શું છે? આત્માને પોતાના મૂળ સ્વરૂપ પ્રત્યે સ્વાભાવિક સ્વરૂપે જ આત્મભાવ હોય જ છે. જીવનો પ્રભુ પ્રત્યેનો આ આત્મભાવ તે જ ભક્તિ છે; તે જ ભગવત્પ્રેમ છે.

માનવીના મનમાં પોતાના સ્વજનો પ્રત્યે સ્વાભાવિક લાગણી હોય છે. આ સ્વજનાસક્તિ છે. આ ભગવત્પ્રેમ નથી. માનવીના મનમાં ભગવાન પ્રત્યે આસક્તિનું સ્વરૂપ જ ભિન્ન છે. 'ભગવાન' કેન્દ્રમાં છે... આપણે અહીં ભૂમિકા જોઈએ.

| | | |
|---|---|---|
| ૧. સંસારાસક્તિ | - | સંસારાસક્તિ કુલ્ટા છે. |
| ૨. ભગવદાસક્તિ | - | ભગવદાસક્તિ કુબ્જા છે. |
| ૩. ભગવત્પ્રેમ (ભક્તિ) | - | ભગવત્પ્રેમ રાધાજી છે. |

કુબ્જા ભગવાન શ્રીકૃષ્ણ પાસે પોતાનું સુખ ઇચ્છે છે અને માગે છે. શ્રીરાધાજી ભગવાન પાસે કાંઈ માગતાં નથી. રાધાજીનો વિશુદ્ધ પ્રેમ છે. ભગવદાસક્તિ અને ભગવત્પ્રેમમાં આ ભિન્નતા છે.

## ૨. નવધાભક્તિ – (શ્રીમદ્ ભાગવત)

श्रवणं कीर्तनं विष्णो: स्मरणं पादसेवनं।
अर्चनं वंदनं दास्यं सरण्यं आत्मनिवेदनं॥

– *શ્રીમદ્ ભાગવત;* ૭-૫-૨૩

*'શ્રવણ, કીર્તન,, વિષ્ણુનું સ્મરણ, પદસેવા, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન – (આ નવધા ભક્તિ છે.)'*

**૧. શ્રવણભક્તિ**

ભગવાનના નામનું શ્રવણ, ભગવાનની કથાનું શ્રવણ, ભગવાનની લીલાઓનું શ્રવણ, ભગવાનના કીર્તનનું શ્રવણ – આ શ્રવણભક્તિ છે.

**૨. કીર્તનભક્તિ**

વાજિંત્રો સાથે સમૂહમાં ભગવાનના નામની કે લીલાની ધૂન થાય છે, આ કીર્તનભક્તિ છે. કીર્તન ભક્તિમાં ગાન અને શ્રવણ, બંને થાય છે.

**૩. વિષ્ણુસ્મરણ**

ભગવાનના નામનો જપ કરવો, તે વિષ્ણુસ્મરણ છે. નામજપનો અપરંપરાર મહિમા છે.

जपात् सिद्धि जपात् सिद्धि जपात् सिद्धि वराननो।

**૪. પાદસેવન**

ભગવાનના શ્રીવિગ્રહની સેવા કરવી તે પાદસેવન ભક્તિ છે. સ્નાન, વસ્ત્રાભૂષણ, ભોગ, માલા અર્પણ આદિ અંગોથી પાદસેવન થાય છે.

**૫. અર્ચન**

અર્ચન એટલે પૂજન

ભગવાનની પંચોપચાર, દશોપચાર કે ષોડશોપચાર પૂજા કરવી તે અર્ચન ભક્તિ છે.

**૬. વંદન**

મંદિરમાં કે ગૃહમંદિરમાં ભગવાનના શ્રીવિગ્રહનાં દર્શન કરવાં, તેમને

પ્રણામ કરવા, તે વંદનભક્તિ છે. પ્રણામી સંપ્રદાયમાં વંદનભક્તિ કેન્દ્રમાં છે.

**૭. દાસ્ય**

ભગવાન સ્વામી છે અને પોતે ભગવાનના દાસ છે, તે ભાવ રાખવો અને તે ભાવે ભગવાની સેવા કરવી તે દાસ્યભક્તિ છે.

**૮. સખ્ય**

ભગવાન પોતાના સખા છે, મિત્ર છે, આ ભાવે ભગવાન સાથે જોડાઈ જવું તે સખ્યભક્તિ છે. ગોપબાળકો, અર્જુન આદિની સખ્યભક્તિ છે.

**૯. આત્મનિવેદન**

પોતાનું જીવન ભગવાનનાં ચરણોમાં નિવેદિત કરવું તે આત્મનિવેદન ભક્તિ છે. આત્મનિવેદન એટલે સમર્પણ.

| | **ભક્તિ** | | **ભક્ત** |
|---|---|---|---|
| ૧. | શ્રવણભક્તિ | – | પરીક્ષિત |
| ૨. | કીર્તનભક્તિ | – | નરસિંહ મહેતા |
| ૩. | વિષ્ણુસ્મરણ | – | શુકદેવ |
| ૪. | પાદસેવન | – | લક્ષ્મીજી |
| ૫. | અર્ચન | – | ગોપીઓ |
| ૬. | વંદન | – | પ્રણામી સંપ્રદાય |
| ૭. | દાસ્ય | – | હનુમાનજી |
| ૮. | સખ્ય | – | ગોપબાળકો, અર્જુન, ઉદ્ધવજી |
| ૯. | આત્મનિવેદન | – | મીરાંબાઈ |

## ૩. દશમી ભક્તિ

નવધાથી ન મળે તો દશમી લેને

આ દશમી ભક્તિ કઈ છે?

આ દશમી ભક્તિ છે – રાધાભાવ

શ્રીરાધાજીનો કૃષ્ણપ્રેમ નવધામાં સમાય તેમ નથી. તે તો નવધાથી પણ અધિક છે. તેથી રાધાભાવને દશમી ભક્તિ ગણેલ છે.

## ૪. નવધાભક્તિ (રામચરિતમાનસ)

*પ્રથમ ભગતિ સંતન્હ કર સંગા*
*દુસરી રતિ મમ કથા પ્રસંગા*
*ગુરુપદ પંકજ સેવા તીસરી ભગતિ અમાન*
*ચૌથી ભગતિ મમ ગુગન કરહિ કપટ તજિ ગાન*
*મંત્ર જાપ મમ દઢ બિસ્વાસા*
*પંચમ ભજન સો વેદ પ્રકાશા*
*છઠ દમ સીલ બિરતી બહુ કરમા*
*નિરત નિરંતર સજ્જન ધરમા*
*સાતવ સમ મોહિમય જગ દેખા*
*મોતે સંત અધિક કરી લેખા*
*આઠવ જથા લાભ સંતોષા*
*સપનેહુ નહિ દેખહુ પર દોષા*
*નવમ સરલ સબસન છલહીના*
*મમ ભરોસ નહિ હરખ ન દીના*
*નવમહું એકઉ જિન્હ કે હોઈ*
*નારી પુરુષ સચરાચર કોઈ*
*સોઈ અતિશય પ્રિય ભામિની મોહિ*
*સકલ પ્રકાર ભગતિ દઢ તોરે*

*– રામચરિતમાનસ*

(૧) પ્રથમ ભગતિ સંતન્હ કર સંગા

સંતોનો સંગ, સંતોનું સાંનિધ્ય ભક્તિનું એક સ્વરૂપ, ભક્તિનું પ્રથમ સોપાન છે. સંગની અસર માનવચિત્ત પર થાય જ છે. તદનુસાર સંતના સંગથી માનવચિત્તમાં ભક્તિ પ્રગટે છે, વધે છે અને વિકસે છે.

(૨) દુસરી રતિ મમ કથા પ્રસંગા

ભગવાનની કથામાં પ્રીતિ બીજી ભક્તિ છે. જેમ સંતોનો સંગ ભક્તિ છે, ભગવત્કથામાં પ્રીતિ પણ ભક્તિનું એક સ્વરૂપ છે.

ભગવાનની કથાનું વાંચન અને શ્રવણ માનવચિત્ત પર અસર કરે જ છે. કથાશ્રવણથી ચિત્તમાં ભક્તિ વૃદ્ધિંગત થાય જ છે.

(૩) ગુરુપદ પંકજ સેવા તીસરી ભગતિ અમાન

ત્રીજી ભક્તિ છે, ગુરુદેવની ચરણસેવા, ગુરુદેવની સેવાથી ગુરુદેવ પ્રસન્ન થાય છે. ગુરુદેવની કૃપા પ્રાપ્ત થાય છે. ગુરુદેવની કૃપાથી અધ્યાત્મપથ સરળ અને સુકર બને છે. ગુરુદેવની સેવા પણ માન મૂકીને, અમાન થઈને કરવી જોઈએ.

(૪) ચૌથી ભગતિ મમ ગુગન કરહિં કપટ તજિ ગાન

ભગવાનના ગુણોનું ગાન કરવું આ ચોથી ભક્તિ છે. ભગવાનના ગુણોનું જ્ઞાન, શ્રવણ અને ચિંતન, આ પણ એક સ્વરૂપની ભક્તિ છે. હા, આ ગાન કપટ તજીને કરવું જોઈએ. ધન, કીર્તિની લાલચ છોડીને માત્ર ભક્તિભાવે ભગવાનના ગુણોનું ગાન કરવું જોઈએ. આમ થાય તો તે પણ ભક્તિ છે, ચર્તુર્થ ભક્તિ છે.

(૫) મંત્રજપ મમ દઢ બિસ્વાસા

પંચમ ભજન સો વેદ પ્રકાશા

દઢ વિશ્વાસપૂર્વક વેદમાં જેમનો પ્રકાશ થયો છે, તેવા વૈદિક મંત્રોનો જાપ કરવો, તે પાંચમી ભક્તિ છે. અહીં ત્રણ વાતો સમજવાની છે.

૧. વેદમાં જેમનો પ્રકાશ થયો છે, તેવા વૈદિક મંત્રોનો જપ

૨. દઢ વિશ્વાસપૂર્વક જપ

૩. ભજનાના ભાવથી જપ કરવાનો છે.

(૬) છઠ દમ સીલિ બિરતી બહુ કરમા

નિરત નિરંતર સજ્જન ઘરમા

છઠ્ઠી ભક્તિમાં ચાર તત્ત્વોનો સમાવેશ થાય છે.

૧. દમ એટલે ઇન્દ્રિય સંયમ

૨. સીલ એટલે પવિત્ર જીવન

૩. વધુ પડતાં કર્મો ન કરવાં

૪. નિત્ય સજ્જનની જીવન શૈલી

આ ચાર તત્ત્વો જીવનમાં દૃઢીભૂત થાય તો તે પણ ભક્તિ છે.

૭. સાતવ સમ મોહિમય જગ દેખા

મોતે સંત અધિક કરી લેખા.

સમગ્ર સૃષ્ટિને પ્રભુનું જ સ્વરૂપ જાણીને તેનાં દર્શન કરવાં અને સંતોને ભગવાનથી પણ અધિક સમજવા, આ સાતમી ભક્તિ છે.

અહીં બે તત્ત્વો છે.

૧. સમગ્ર સૃષ્ટિને ભગવાનનું જ સ્વરૂપ સમજવું

૨. સંતોને ભગવાનથી પણ અધિક જાણવા

૮. આઠવ જથા લાભ સંતોષા

સપનેહુ નહિ દેખહુ પરદોષા

આઠમી ભક્તિમાં બે તત્ત્વોનો સમાવેશ થાય છે –

૧. જે કાંઈ હોય તેમાં સંતોષ માનવો

૨. અન્યના દોષ જોવા નહીં

આમ અન્યના દોષ જોયા વિના, જે છે અને યથાલાભ મળે તેમાં સંતોષ માનતો તે આઠમી ભક્તિ છે.

૯. નવમ સરલ સબસન છલહીના

મમ ભરોસ નહીં હરખ ન દીના.

આ નવમી ભક્તિમાં ચાર તત્ત્વોનો સમાવેશ થાય છે.

૧. સરલભાવે જીવવું

૨. સૌની સાથે નિષ્કપટ ભાવે જીવવું

૩. ભગવાન પર ભરોસો રાખવો

૪. હર્ષ અને દીનભાવ પણ ન રાખવા

આમ સરલભાવે, સૌથી સાથે નિષ્કપટ ભાવે, ભગવાન પર ભરોસો રાખીને, હર્ષ-શોકનો ત્યાગ કરીને જીવવું તે નવમી ભક્તિ છે. હવે આ નવધા ભક્તિનું ફળકથન કહે છે.

*નવમહુઁ એકઉ જિન્હકે હોઈ*
*નારી પુરુષ સચરાચર કોઈ*
*સોઈ અતિશય પ્રિય ભામિની મોહિ*
*સકલ પ્રકાર ભગતિ દૃઢ તોરે*

આ પ્રમાણે આ નવધા ભક્તિ ભગવાન શ્રીરામ શબરીજીને કહે છે. નવધા ભક્તિનું કથન કર્યા પછી પ્રભુ શ્રીરામ કહે છે : ‘શબરીજી! આ નવધા ભક્તિમાંથી એક પણ ભક્તિ જેનામાં હોય છે, તે મને અતિશય પ્રિય છે. શબરીજી! તમારામાં તો આ નવ ભક્તિ અર્થાત્ સર્વ પ્રકારની ભક્તિ છે. તમે તો મને અતિશય પ્રિય છો.’

## ૫. ભક્તિનો મહિમા

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छांति निगच्छति।
कौन्तेय प्रति जानीहि न मे भक्त: प्रणश्यति॥

– *શ્રીમદ્ ભગવદગીતા; ૮-૨૧*

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનજીને કહે છે :

‘હે અર્જુન! મારો ભક્ત તરત જ ધર્માત્મા બને છે. તે શાશ્વત શાંતિ પ્રાપ્ત કરે છે. કૌંતેય! હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું – મારા ભક્તનો કદી નાશ નહીં થાય.’

આવો ભક્તિનો મહિમા છે!

•